# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

કઠપૂતળાં મરજી મુજબ ડોલી શકતા નથી!
તાળું છે સત્તા-રિમોટનું મોઢું ખોલી શકતા નથી
હલી શકતા નથી મનમોહન અને રાજનાથ,
બિચારા રોબોટ! ધારે તો પણ બોલી શકતા નથી!
(સત્તા નું એપી કેન્દ્ર)

**હાઈકુ**

બેન્ડ ની લ્હેરે
વાગે 'મુરલી' બેસૂરી -
દબાય સૂર..
(પક્ષમાં જ વિરોધ)

રાવણ સભા,
- હતા ગ્રહો ય કેદ!
'ભવિષ્યવાણી'
(બિચારા જયોતિષીઓ!)

## ચિંતન

*અંભસા ભિદ્યતે સેતુસ્થા મંત્રોઅપ્ય રક્ષિતઃ । પૈશુન્યાદ્વિભદ્યતે સ્નેહો વાચા ભિદ્યતે કાતરઃ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના સામાન્યનીતિ નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

'ગમે તેવો મજબૂત પુલ પણ પાણીના પ્રવાહના બળથી તૂટી જાય છે, મંત્ર-કોઇ વાત ગુપ્ત સંકેત પણ ગુપ્ત ન રાખવાથી ફૂટી જાય છે ચાડી-ચૂગલી નિંદા-ટીકા કરવાથી સ્નેહનો ભંગ થાય છે ભેદભાવ ઉભા થાય છે અને ડરપોક કે માટીપગા માણસો તો સામાન્ય ધાક-ધમકીથી જ તૂટી જાય છે.'

અત્યારે ચૂંટણીમાં પક્ષ-સિદ્ધાંત-મક્કમ મનોબળ કંઇ જ જોવાતું નથી માટીપગા ઉમેદવારો કરોડો રૂપિયા લઇ આત્મા અને જાતને વેંચી નાખે છે પ્રજાનો, પક્ષનો, સ્વયંનો દ્રોહ કરે છે કોઇ કોઇનો કાળા કરતૂર જાહેર થઇ જવાની ધાક-ધમકીથી જ ખસી જાય છે, ફૂટી જાય છે.

જે માણસ વિશ્વાસુ અને મક્કમ મનોબળનો ન હોય એમને કોઇ ગુપ્ત વાત-રહસ્ય-મંત્ર કહેવા નહીં, એ ફૂટી જાય છે.

આજના ખાઇ બદેલા ઇજનેરો લોકોનાં જીવ-જાનમાલની પરવા કર્યા વિના પુલ-મકાનો બનાવે છે આવાં જોખમી મકાનો કેટલાય નિર્દોષ જીવ લે છે. પાણીના પ્રવાહથી મજબૂત પુલ પણ તૂટી જાય તો, આવાં નબળાં બાંધકામ તો કયાંથી ટકે?

## સુવિચાર

- યુવાન તું નાટક સિનેમાનો શોખીન છે, એ મારી ફરિયાદ નથી, પરંતુ તારા જીવન ઉપરથી કોઇ નાટક તૈયાર થાય એવું જીવન તું જીવ્યો નથી એનું મને દુઃખ છે - *દાદા ભગવાન*
- જબરદસ્તીથી કશું હાંસિલ નથી, જળ પામવા માટે મુઠી ખોલીને ખોબો હાથનો ધરવો પડે છે - *એસ. ભટ્ટાચાર્ય*
- બીજાની જીભ અને તમારા કાન કામમાં લેશો તો તમને જીવનમાં કામ આવે એવી ઘણી વાતો જાણવા મળશે - *જય વસાવડા*
- ખોટી વિચારસરણીવાળા લોકો તમારામાં કંઇક સારૂ હશે તો પણ તમને નફરત કરશે, અને સારી વિચારસરણીવાળા લોકો તમારામાં કંઇક ખૂટતું હશે તો પણ તમારો આદર કરશે - *જન કલ્યાણ*
- મિત્રતા એ નૈતિકતાનું સંમેલન, હૃદયનું મેળાપ અને વિશેષતાનો ખજાનો છે- *સ્પેનીશ કહેવત*
- સફળતા એ લોંગ જમ્પ કે હાઇ જમ્પ નથી પણ એ તો એક મેરાથોન છે- *ભૂપત વડોદરિયા*
- લાગણી કયાંક વજન પર મળે?? દોસ્ત એ તો બસ સ્વજન પર ઢળે - *સુરેશ દલાલ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આજે જિલ્લાથી કરી સુપ્રીમ સુધી લોકો 'ન્યાય' મેળવવા લડે છે અને ગુન્હેગારોને 'કલીનચીટ' વેંચાતી મળી જાય છે. ન્યાય માટે વલખાં મારતી શોષિત-નિર્દોષ પ્રજા તો મોઢામાં આંગળાં જ નાખી જાય છે કોણ જાણે કાયદાઓમાં કેવી સુવિધાઓ એમના માટે રાખવામાં આવી છે કે શિબુ-લાલુ સજા થયા પછી પણ મુક્તવિહારની મજા માણ્યા કરે છે!!

એક નવાબ શિકાર કરવા ગયો. એક ઘટાદાર ઝાડીમાં સળવળાટ થયો. નવાબે તીર છોડ્યું ત્યાં ચીખ સંભળાઇ. રાજા એ તરફ દોડ્યો. વૃદ્ધ માતાના ખોળામાં યુવાન તરફડ્યો હતો. નવાબે તીર ખેંચી કાઢ્યું અને યુવાન મૃત્યુ પામ્યો.

વૃદ્ધ માતા કાજી પાસે ન્યાય મેળવવા ગઇ. કાજીએ નવાબને બોલાવી કહ્યું આ વૃદ્ધ માતા તમને જે સજા ફરમાવે તે સ્વીકારવી પડશે. રાજાએ અજાણતાં થયેલા કૃત્ય માટે માફી માગી અને ગુજરાન ચલાવવા વર્ષાસન બાંધી આપ્યું, પછી સજા સાંભળવા નત મસ્તકે ઊભો રહ્યો. વૃદ્ધાએ નવાબને ક્ષમા આપી. કાજી અને રાજા ખુશ થયા, પણ રાજાએ કહ્યું, 'જો જો તમે મારા તરફ કૃપા બતાવી પક્ષપાત કર્યો હોત તો હું તમને રાજદંડ કરત.'

કાજીએ જવાબ દીધો. જો વૃદ્ધાએ ન્યાય મારા પર છોડી દીધો હોત તો હું તમારાથી ડર્યા વિના ચોક્કસ ફાંસીની સજા જ ફરમાવવાનો હતો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાવું, લખવું, ભણવું અને ભણાવવું જેના પર્યાય છે તેવા સંવેદનશીલ હરિવદન જોષી

ૐ માં નંદિની વિદ્યાપીઠ, મંગલેશ્વર, ભરૂચના સંગીતાચાર્ય પરેશ નાયકે રજુ કરેલા આદર સાથે આપણે મળીએ હરિવદન જોશીને.

'સમાજનું અવિભાજય અંગ એટલે શિક્ષક એ બાળકો સાથે સંવેદનાનો સેતુ રચે છે.' શિક્ષકનું હૈયું એટલે કવિનું હૈયું. આ પરિચય એવા એક શિક્ષક કવિનો છે.

શ્રી હરિવદન જોષી મંગલેશ્વર શાળામાં શિક્ષક. તે નવમાં ધોરણમાં હતા ત્યારે એમના પિતાના મિત્ર શુક્લતીર્થના જયંતિલાલ દયાની પાસેથી કવિત્વની દીક્ષા મળેલી.

તેમને હરિ ૐ મોટા જન્મશતાબ્દી વર્ષમાં (૧૯૯૭) હરિ ૐ મોટા "શ્રેષ્ઠ શિક્ષક" એવોર્ડ મળેલ છે. 'શિક્ષક', 'સ્ત્રી', 'સંદેશ', 'કલ્પદ્રુમ', 'સત્યકામ', 'ધબકાર' વગેરે સામાયિકોમાં શૈક્ષણિક, સામાજિક, બાળ ઉછેર, આયુર્વેદ જેવા વિષયો પર તેમના લેખો વિવિધ કોલમો દ્વારા પ્રગટ થયા રહ્યા છે. તેઓએ શૈક્ષણિક રેડિયો વાર્તાલાપ આપેલ છે. આજ પર્યંત તેમની સાહિત્ય સેવાની પ્રતીતિ સમાજને આજે પણ થતી રહે છે.

કવિને વળી ભભકો અને આડંબર શો? શિક્ષક-કવિ હરિવદનભાઇ સરળષ નિરાભિમાની છે. પ્રમાણિકતા, સાદગી, સહજતા, ચોકસાઇ જેવા ગુણો પ્રથમ મુલાકાતે જ આપણને જોવા મળે છે. શિક્ષણકાર્ય કરતા કરતા સહજ ભાવે સ્ફુરેલા બાળકાવ્યો, 'મારે ગીત ગાવું છે' સંગ્રહની જેમ જોષી અન્ય નવા સંગ્રહો આપણને આપતા રહે તેવી શુભેચ્છાઓ.

તેમની સર્જનયાત્રા અવિરત ચાલુ રહે એવી કામના સહ.

કવિ હરિવદન જોષીના અને મારા પણ મિત્ર બનેલા કવિ પ્રભુદત્ત ભટ્ટ દ્વારા અને હરિવદનભાઇનો પરિચય થયો અને તેમનું મુખપત્ર 'સંવેદના' મળવા લાગ્યું.

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



એક શિક્ષક પાસે ધન, સંપત્તિ, દ્રવ્ય તો તેના વિદ્યાર્થીઓ જ હોય છે. હરિવદન ભાઇ જેવા લાખો શિક્ષકો વધુ જીવે છે, સ્વસ્થાથી અને પ્રસન્નતાથી જીવે`છે તેની પાછળનું એક માત્ર કારણ કે તેઓ શિક્ષક છે.

હરિવદનભાઇની થોડી અંગત વાતો વાગોળીએ :

ચોથી મે, ૧૯૬૮ના દિવસે મારી પ્રથમ નવલિકા બ્રહ્મચારી 'ભરૂચ સમાચાર'માં પ્રગટ થઇ ત્યાર પછી, 'પ્રતાપ', 'શિક્ષણસૌરભ', 'કલ્પદ્રુમ', 'સ્ત્રી', 'સંદેશ' અને 'ધબકાર' માં અનેક લેખો, ગીતો, નવલિકાઓ, અને બાળકાવ્યો પ્રગટ થયાં, પરંતુ બાળકો માટે કંઇક કરવું છે એમ થયા કરતું હતું. આજે એ થયુ છે એનો આનંદ છે.

નવરાશની પળોમાં સહજ સ્ફૂરેલાં કેટલાંક ગીતો હતા. કેટલાંક નવા રચ્યા. સરળ ભાષામાં બાળકો સહજ ગાઇ શકે અને કંઇક પામી શકે એવા ગીતોનો આ સંગ્રહ છે.

સૌના હાથ સુધી સંગ્રહ પહોંચ્યો હતો ત્યારે પ્રસ્તુત કાર્યમાં યોગદાન આપનાર મિત્રોને તેઓ ભૂલ્યા નથી.

વાસુદેવભાઇ જોષી અને જયોતીષચંદ્ર એન. મહેતા જેવા વડીલ જેવા વડિલ મિત્રો વરસોથી મારા સર્જનમાં રસ ધરાવે છે. ઉષાબેન પટેલ પણ ખાસ પ્રસંશક અને વાચક રહ્યા છે.

વખતોવખત મને મદદરૂપ થનાર જયોતિબેન પંડ્યા, ઘનશ્યામ ભાટીયા, ભીખાભાઇ પટેલ, કમલેશભાઇ પટેલ, હિંમતભાઇ પટેલ અને મહેન્દ્રસિંહ પરમાર યાદ આવેલાં.

મુરબ્બી નરોત્તમભાઇ વાળંદ સાહેબે નાદુરસ્ત તબીયત હોવા છતાં આ સંગ્રહ જોઇ આવકાર શુભેચ્છા વ્યક્ત કરતા બદલ તેમનો પણ ઋણી છે.

મારા પુત્રો સહિત સૌ સ્વજનોનો સહકાર સાંપડે જ એ સ્વાભાવિત હતું. ગુજરાતમાં બાળ સાહિત્યની ઊણપ વરતાઇ રહી છે ત્યારે પ્રસ્તુત સંગ્રહ બાલવાડી અને પ્રાથમિક કક્ષાએ ભણતા બાળકો અને ભણાવતા શિક્ષકોને ઉપયોગી બન્યો તેનો આનંદ હોય જ.'

કવિતાના પુસ્તક 'લાગણીની બારી' વિશે હરિવદનના વિચારો, નિવેદન પણ મજાના છે.

છેલ્લા બેતાલીસ વર્ષની સાહિત્ય યાત્રા પર નજર કરૂં તો - આ યાત્રામાં ઘણાં ચડાવ-ઉતાર આવ્યા છે. ઘણા મુકામ પર અટકવું પડ્યું છે. વિરામ પછી પાછું ચાલવાનું થયું છે. કયારેક કપરાં ચઢાણ પણ આવ્યા છે.

'લાગણીની બારી'ની વાત કરૂં તો - ગદ્ય અને પદ્ય સાથે જ લખાતું રહ્યું છે. ૧૯૬૮ થી શરૂ થયેલી આ પ્રવૃત્તિની શરૂઆતમાં 'ભરૂચ સમાચાર' જેવા સ્થાનિક અખબારોમાં વાર્તાઓ છપાતી હતી. પછી 'કલ્પદ્રુમ', 'પ્રતાપ', 'સ્ત્રી' માટે લખ્યું. 'સંદેશ' અને 'ધબકાર'માં કોલમ લખી. વાંચકોના સારા પ્રતિભાવ મળતા રહ્યા.

સાહિત્યનું સામયિક 'સંવેદના' શરૂ કર્યું, એમાં પાછલના પાને 'અભિવ્યક્તિ' વિભાગમાં દર માસે નવી રચના મૂકવાની થાય. દરમિયાન કાવ્ય ત્રિવેણી ભરૂચમાં જોડાતાં બિમલભાઇ ચૌહાણ સાથે મૈત્રી થઇ. કાવ્ય ત્રિવેણીની નિયમિત બેઠકમાં દર માસે બે નવીન રચનાઓ રજૂ કરવી પડતી. શાળાઓમાં, સંસ્થાઓમાં અને મુશાયરામાં જવાનું થાય ત્યારે પણ નવી રચના લઇ જવી પડે. આમ, ગઝલો, ગીતો, અછંદાસ રચનાઓ લખાતી ગઇ. એ રીતે છેલ્લા ત્રણ વર્ષમાં લખાયેલી રચનાઓનું ગ્રંથ સ્વરૂપ 'લાગણીની બારી.'

હરિવદનભાઇના વ્યક્તિત્વને ભર્યું ભર્યું રાખનારા મિત્રો માટે એક સુભાષિત પર્યાપ્ત છે.

મિત્રનું વર્તુળ ભલે મોટું હોય પણ એનું કેન્દ્ર તો એક જ હોય.

ભરૂચમાં કાર્યરત કાવ્ય ત્રિવેણીના સંયોજક બિમલ ચૌહાણની સંવેદના અહીં પ્રસ્તુત છે.

ઘણા વર્ષોથી ભરૂચમાં કાવ્ય ત્રિવેણીના નેજા હેઠળ કવિતાને ઉત્તેજન મળે એવી વિવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. ભરૂચના કવિ મિત્રો દર માસે નિયમિત ભેગા થઇ પોતાની નવી રચનાઓનું પઠન કરે છે. કાવ્ય જગતમાં સાંપ્રત પ્રવાહો વિશે ચર્ચાઓ થાય છે. કવિતા અંગે વિશદ છણાવટ થાય છે. વર્ષમાં એક વાર ભવ્ય મુશાયરાનું આયોજન ભરૂચ શહેરમાં થાય છે.

આટલી પૂર્વ ભૂમિકા પછી આ પુસ્તક અંગે વાત કરૂં તો - હરિવદનભાઇ જોષી મારા સમવયસ્ક મિત્ર છે. વર્ષોથી લેખન પ્રવૃત્તિ કરે છે. નિકોરા અને આજુબાજુનાં ગામોમાં સાહિત્ય સર્જન-વાંચનની નૂતન ચેતના પ્રગટાવવા 'સંવેદના' સામયિક પ્રગટ કરે છે. આ અગાઉ એમનાં કેટલાક પુસ્તકો પ્રગટ થયા છે. કાવ્ય ત્રિવેણીની બેઠકમાં અને મુશાયરામાં એમની સુંદર રચનાઓ અનેકવાર સાંભળ્યા પછી થતું હતું કે સંગ્રહ પ્રગટ થાય તો સારૂં. એમાં એક સુખદ ઘટના બની. તા. ૧૩.૩.૨૦૧૧ ના રોજ કાવ્ય ત્રિવેણી દ્વારા ભવ્ય મુશાયરો યોજાયો. જેનું સંચાલન જોષીએ કર્યું અને પોતાની રચનાઓ પણ સંભળાવી. આ કાર્યક્રમમાં લબ્દ પ્રતિષ્ઠિત કવિ ખલિલ ધનતેજવી સાહેબે છેલ્લી રચના નીચે લખ્યું, "વિલંબ ન કરો, ઝટ કાવ્ય સંગ્રહ પ્રગટ કરો" નીચે પોતાના હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગ પછી સંગ્રહ પ્રગટ કરવાનો વિચાર દૃઢ થયો.

કાવ્ય ત્રિવેણીના કવિ મિત્રો સાથે વિચાર વિમર્શ થયો. સર્વાનુમત્તે નક્કી થયું કે કવિ મિત્ર હરિવદનભાઇનો સંગ્રહ પ્રગટ કરવો.

આ સંગ્રહ 'લાગણીની બારી' પ્રગટ કરી સંસ્થા એક નવી શુભ મંગલ પરંપરાનો પ્રારંભ કરે છે. એ દ્વારા સાહિત્યની યત્કિંચિત સેવાનો સંતોષ મળશે અને વાંચકોને સુંદર કાવ્યસંગ્રહ મળશે.

આ પ્રસંગે હરિવદન જોષીની ગઝલના એક શેરનું સ્મરણ થાય છે.

"ઉમ્રભર એ કર્યું, જે હતું નીજનું,
હવે થોડું બીજા માટે રળી લઇએ."

આ પુસ્તક સમાજને ચરણે ધરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

હરિવદન જોષીની રચનાની પંક્તિ જોઇએ તો,
લાગણીની બારી એક ખોલીએ,
ધીરેથી મત્લા તરફ જઇએ.

હરિવદનભાઇ સાહિત્યની અને શિક્ષણની વધુને વધુ સેવા કરે, સ્વસ્થ અને પ્રસન્ન રહે તેવી શુભેચ્છા.

તેમનો મો. નં. છે. ૯૮૯૮૩૨૯૦૬૪.

# વરમાળા કોના ગળામાં નાંખવી?

## ચૂંટણીનાં પ્રતિબિંબ

- ડંકેશ ઓઝા

હરિયાણાથી દાયકાઓ પહેલાં શરૂ થયેલો આયારામ - ગયારામની વાવર ચૂંટણી સમયે સોળે કળાએ ફેલાયેલો જોવા મળે છે. અત્યારે વલણ ભાજપ તરફનું વધારે વર્તાય છે પણ કોંગ્રેસમાં દાખલ થનારા પણ ઓછાવત્તા હોય તો છે જ. ચૂંટણીનો સમય ઝીરો અવર જેવો છે. કાર્યકરને જે પક્ષ જીતવાન છે એવું લાગે ત્યાં તે જવાનો અને તેમાં કંઇ ખોટું નથી. જેઓ હંમેશને માટે રાજકીય ક્ષેત્રમાં છે તેઓ પવન પ્રમાણે પૂંઠ બદલે તેને લોકશાહીમાં સ્વાભાવિક મનાયુ છે. ચૂંટાયા પછી પક્ષ બદલવો તે અયોગ્ય ગણાયું છે. તેને પક્ષાંતર વિરોધી ધારો લાગુ પડતો હોય છે.

ઉમેદવારોની યાદીઓ તબક્કાવાર બહાર પડી રહી છે. અંદરખાને પુષ્કળ ધમાચકડી છે જેને પ્રવક્તાઓ છાવરવાનો પુરૂષાર્થ કરતાં હોવા છતાં કયાંકને કયાંક તે પ્રગટ થઈને રહે છે! મોટે ભાગે એના એ જ 'છાપેલા કાટલાં' ફરી જોવા મળશે. આધારકાર્ડ વાળા નંદન નીલેકાની બેંગ્લોર સાઉથથી કોંગ્રેસની ટિકીટ પર ચૂંટણી લડવાના છે. આવા કવચિત નવા ચહેરા જોવા મળશે. કેજરીવાલનો પક્ષ નવો સવો છે ને તેને આગળ વધવાની બહુ ઉતાવળ છે. તેથી તેમાં સૌથી વધુ નવા ચહેરા સ્વાભાવિકપણે જ જોવા મળશે. મેધા પાટકર અને રાજમોહન ગાંધી જેવા આમ આદમી પાર્ટીના ઉમેદવારો બનીને ચૂંટણીમાં ઝૂકાવવાના છે.

કહેવાય છે તો એવું કે કોંગ્રેસનાં 'વળતાં પાણી' છે. પરિણામે ભાજપને અને નરેન્દ્ર મોદીને બહુ અવકાશ છે. કોંગ્રેસના દિગ્ગજો સલામત બેઠકો જાળવી રાખવાની પેરવીમાં છે અને કેટલાક હાર ખમવી પડે તેના કાલ્પનિક ભયથી ચૂંટણીમાં પડવા પણ માગતા નથી. બીજી તરફ, બધા જ સર્વેમાં ભાજપ આગળ હોવાનું કહેવાતું હોવા છતાં બહુ ગાજતાં નરેન્દ્ર મોદી વારાણસી - વડોદરા પરથી ચૂંટણી લડવાનું વિચારી રહ્યા છે. કાયદાની રીતે તેમજ પરંપરાની રીતે પણ તેમાં કંઈ ખોટું નથી. પરંતુ મતદારો ઠાવકા બનીને ચર્ચાઓ કરે છે કે ભાજપનો ઘોડો વીનમાં હોવા છતાં 'છપ્પનની છાતી'વાળા હિન્દુ હૃદય સમ્રાટ બે બેઠકોની જોગવાઈનો લાભ લેવાનું કેમ વિચારતા હશે? ચૂંટણી એક કડક પરીક્ષા છે. કોણ જીતશે ને કોણ હારશે તેની ખાતરી કોઈને હોતી થી. આખો પક્ષ જીત્યો હોય ત્યારે તેના દિગ્ગજ નેતાઓ હાર્યા હોય એવું ભૂતકાળમાં બની ચૂક્યું છે. કોંગ્રેસનું એકચક્રી શાસન ચાલતું હોય તેના સમયમાં અમૂલ દેસાઈ જેવા રાજકારણના નવા નિશાળીયાએ મોરારજી દેસાઈને હરાવી દીધેલા અને નહેરૂએ 'જીતેલા પક્ષના જીતવાપાત્ર નેતા' ગણીને મોરારજી દેસાઈને સરકારમાં સમાવેલા!

આંધ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ થવાની છે. આપણે ત્યાં ગુજરાતમાં સાતેક જેટલી વિધાનસભા માટેની ખાલી પડેલી બેઠકો માટેની પેટાચૂંટણીઓ થવાની છે. સંસદ માટે ઉમેદવારને ચૂંટવો અને વિધાનસભા માટે ઉમેદવાર પસંદ કરવો આ બે અલગ બાબતો છે. બંને મતપત્રો સાથે મળતાં હોવા છતાં બને માટેની વિચારણા અલગ હોવી જોઈએ. જોવાનું રહે છે કે આપણો મતદાર આટલી ચૂંટણીઓ પછી પુખ્ત બન્યો છે કે કેમ? અંગ્રેજીમાં કહેવત છે કે જયાં દેવદૂતો જતાં લાખવાર વિચાર કરે છે ત્યાં મૂર્ખાઓ ક્ષણના વિલંબ વિના ધસી જતા હોય છે! સારા માણસોએ રાજકારણમાં જવું જોઈએ તો રાજકારણ સુધરે એવું લખનારાઓમાંથી કે વિચારનારામાંથી ભાગ્યે જ કોઈ અપવાદરૂપે પણ ચૂંટણી લડવા આગળ આવતા હોય છે. રાજકારણના કાદવથી નહિ ખરડવાની કોઈ ખાત્રી આપી શકાતી ન હોવાથી, કપડાં બગડવાનો ડર હરકોઈને રહેતો હોય છે. જે અપવારરૂપ કિસ્સાઓ મતદારો સામે આવે છે તેઓ ભલે ગેમ તે પક્ષમાંથી હોય તેમને જીતાડવાનું જાગ્રત મતદારોએ તો વિચારવું જોઈએ. નહિ તો રાજકારણના હાઈવે પર પક્ષો દોડતાં રહેશે અને અપવાદરૂપ કેડીઓનું સર્જન પણ અટકી જશે.

ઘણીવાર ખબર નથી પડતી કે આટલા બધા લોકોને ચૂંટાઈને ધારાગૃહોમાં શા માટે જવું છે? એક તરફ વ્યક્તિગત સાંસદને ભાગ્યે જ કોઈ સત્તા કે અધિકાર છે. બીજી તરફ, ધક્કા-મુક્કી અને હરિફાઈ વધી રહ્યાં છે. આનું કારણ શું હશે એ સામાન્ય મતદારને સમજાતું નથી. ચૂંટણીની ડમરી શમી ગયા પછી સરેરાશ મતદાનને પોતાના સાંસદને મળવું હોય તો કયાં મળી શકાય તેની માહિતી પણ તેને મહામુશ્કેલીએ પ્રાપ્ત થતી હોય છે. પાંચ વર્ષ સુધી સેવાતી ખાતરી આપનારા કયાં સંતાઇ જાય છે તે ન સમજાતાં કયારેક મતદારોએ ભેગા મલીને 'અમારા પ્રતિનિધિ ખોવાયા છે' એવા પાટીયાં પણ મૂકવા પડ્યાં છે.

રાહુલ ગાંધી પંદર જેટલા સંસદીય ક્ષેત્રો માટે નવો નુસખો લઈ આવ્યા. અમેરિકી લોકશાહી પ્રથા મુજબ જેમને ઉમેદવાર થવું હોય તેમને પ્રાઈમરીઝ લડવાની હતી. પક્ષના પ્રતિસ્પર્ધીને હરાવીને પોતાની સજ્જતા સ્થાપિત કરવાની હતી. રાજકીય 'ગોધફાધર' જેમને નથી તેમને માટે આ પ્રતા સુંદર તક પૂરી પાડે છે. ભારતીય માનસિકતાને આવી ઓબ્જેક્ટીવ સિસ્ટમ જચતી હોતી નથી. કોંગ્રેસના ઘણા સિનિયર નેતાઓએ આનો વિરોધ કર્યો. છતાં રાહુલ ગાંધીએ પંદરક્ષેત્રો પૂરતો આ પ્રયોગ કરી બતાવ્યો. જે ઉદાહરણ રૂપ છે અને તેથી આવકાર્ય છે.

કેજરીવાલ વ્યાપક સંદર્ભમાં લોકોનાં રેફરન્ડમનો પ્રયોગ આચરતા રહ્યા છે. દિલ્હી વિધાનસભા માટે ઉમેદવારોની પસંદગીમાં આવો પ્રયોગ કરેલો. બહુમતિ ન મળવા છતાં સત્તામાં બેસવું કે કેમ તે વખતે પણ કેજરીવાલે લોકોના રેફરન્ડમ પછી સરકાર રચવાનો નિર્ણય કરેલો અને પછી ૪૯ દિવસમાં સપા છોડેલી એ ઈતિહાસ બહુ તાજેતરનો છે. હવે વારાણસીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર સામે ઊભા રહેવું કે કેમ અને સીધી ફાઈટ આપવી કે કેમ તે મુદ્દે તેઓ રેફરન્ડમનું નાટક કરવાના છે.

આપણી લોકસભા કામ કરવા માટે નહિ પરંતુ કામ નહિ કરવા માટે તાજેતરના વરસોમાં વધુ નિંદાને પાત્ર બની છે. લોકસભા મળે છે, પરંતુ તે બરખાસ્ત થવા માટે. સ્પીકર પાસે ઘણીબધી સત્તાઓ હોય છે છતાં તેઓ ચીપિયો પછાડી શકતા નથી. તેમ કરતાં પૂર્વે બધા રાજકીયપક્ષો તેમાં સંમતિ દર્શાવે તે જરૂરી હોય છે. સ્પીકરની સત્તા સર્વસંમતિના સૂરમાંથી ઊભી થતી હોય છે. બધા સમંત થતા નથી અને તેથી સ્પીકર નામના ટીચર, પ્રતિનિધિ નામના વિદ્યાર્થીને, ગેરવર્તન બદલ તે ગેરશિસ્ત બદલ ભાગ્યે જ સજા કરી શકે છે.

મતદારોને મૂંઝવતો લાખેણો સવાલ કોના ગળે વરમાળા નાખવી તે છે. બત્રીસ લક્ષણો તો કોઈ દેખાતો નથી પણ કન્યા કુંવારી ન રહી જાય તેથી કરીને પણ મજબૂરીપૂર્વક કોઈકને તો પસંદ કરવો જ પડશે. કોઈકે ઠીક કહ્યું છે કે ઈશ્વર જો બધાને મત આપવાની ફરજ પાડતો હોત તો તેણે સારા ઉમેદવારોનું પણ સર્જન કર્યું જ હોત! નિવૃત્ત ન્યાયાધીશ અને પ્રેસ કાઉન્સિલના અધ્યક્ષ માર્કંડેય કાત્જુએ બહુ હિંમતપૂર્વક નિખાલસ એકરાર કરેલો કે તેઓ યોગ્ય ઉમેદવારના અભાવે મતદાન કરતા નથી. આવું વિચારનારાઓ માટે આ વખતે ચૂંટણીપંચે નોટા બટનની જોગવાઈ કરી છે.

# સફળતાપૂર્વક કારકિર્દી બદલવા માટે ૧૦ ફાયદાકારક મુદ્દાઓ

## કારકિર્દી ઘડતર

- સાત્વિક ત્રિવેદી

***(૧) શરૂઆતથી જ અંત મનમાં વિચારો :***

આ મુદ્દો એ નોકરી બદલવાની પ્રક્રિયાનો ભાગ નથી. પરંતુ તમારા વિશે છે. સફળ કારકિર્દી એટલે શું? આ સવાલનો ઉત્તર વ્યવસ્થિત મેળવવા માટે તમારે મનોમંથન કરવું પડશે.

*(અ) તમારા કામનું આદર્શ સમયપત્રક શું છે?*
*(બ) તમે કયા કામ કરવા માંગો છો?*
*(ક) તમે કેટલું કમાવા માંગો છો?*

***(૨) તમારી કારકિર્દીનું દ્રશ્યચિત્ર માપો :***

તમારી ભૂતકાળની નોકરી વિશે વિચારો. ખાસ કરીને, એવા ગુણો કે જેથી તમને ફાયદો થયો હોય અને ન થયો હોય. તમારી પાસે અત્યારે જ સારો સમય છે તમે તમારા ભૂતકાળની કારકિર્દીમાંથી તમારા જમા પાસાઅને ઉધાર પાસા અલગ તારવી શકો છો.

***(૩) તમારી આગવી લાક્ષણિકતાઓ શોધો :***

તમારી પાસે બજારમાં લાવવા માટે કંઇ એવી પ્રતિભાઓ અને કુશળતાઓ છે? "તમારી પાસે કંઇ એવી ખૂબીઓ છે જે બીજા પાસે નથી?" તમારો આત્મવિશ્વાસ જ છે કે તમારી કારકિર્દીના બધા જ લક્ષ્ય પરિપૂર્ણ કરશો અને બીજા પણ માનતા થઇ જશે.



***(૪) તમારી કામ પ્રત્યેની ઉત્કટતાને ઓળખો :***

તમને શું ગુસ્સો અપાવે છે? તમને શું ખુશ કરે છે? કેઇન્સ સૂચવે છે કે જયારે તમે બંધનમુક્ત હો તો તમે પુસ્તકાલયના કયા વિભાગમાં જાઓ છો અને કોમ્પ્યુટરમાં કઇ વેબસાઇટ ખોલો તે તમારી ઉત્કટતાનો નિર્દેશ કરે છે.

***(૫) તમારા લક્ષ્યની સૂચિ બનાવો :***

તમે જે કામ પ્રત્યે ઉત્કટ છો તેવી કેટલી કંપનીઓ છે? તમે તમારી જાતે જ સારી કંપનીનું લીસ્ટ બનાવો અને તેમાં તમારો હોદ્દો તથા ભૂમિકાનું લક્ષ્ય બનાવો.

***(૬) તમારી જાતે જ શોધ કરો :***

જયારે તમે સારી નોકરી અને કંપની વિશે જાણકારી મેળવતા હોય ત્યારે ખુલ્લા મનથી કરો. કેઇન્સ કહે છે કે લોકોની મોટી ભૂલ એ હોય છે કે તેઓ ધારણાઓ બાંધી લે છે. તે કહે છે ઘણી શોધખોળ ધારણા વિહીનતા તથા મુક્તમનના લીધે થઇ છે.

***(૭) મદદ માટે પૂછો :***

આ એવી વાત નથી કે તમે નોકરી માટે આજીજી કરો પરંતુ તમારા માનનીય શિક્ષકો, વડિલો, સ્વયંસેવકો તથા સંગઠનોનું માળખું જ તમને માર્ગદર્શન અને મહત્ત્વપૂર્ણ માહિતી આપશે, તેમના અભિપ્રાય લો.

***(૮) તમારૂં 'પેકેજ' સાથે મુકો :***

આજના સ્પર્ધાત્મક યુગમાં બજારમાં ઉભા રહેવા માટે કારકિર્દીનો સંક્ષેપ તથા અરજીપત્રક સારૂં હોવું જરૂરી છે. કેઇન્સ આને 'પ્રમુખ પસંદગી' કહે છે. જેમ ખરાબ ચોકલેટ પણ સારા માર્કેટિંગ અને આકર્ષક પેકીંગથી વેચી શકાય છે.

***(૯) બજારમાં જાઓ :***

સારી જોબ મેળવવા માટે બજારમાં જાઓ અને સંપર્કો કેળવો. તમારી કારકિર્દીની યોજના બનાવો. તમારી મનપસંદ જોબ માટે ૩૦-૬૦ અને ૯૦ દિવસનું લક્ષ્ય બનાવો. તેમાથી ફક્ત ૩૦% જેટલો મદાર લોકો પર, તથા જાહેરખબર પર રાખો, બાકીનો સમય તમારા નેટવર્ક અને શોધખોળ પાછળ ખર્ચો.

***(૧૦) તમારા પગ જમીન પર ટકાવો :***

તમે કોઇ પણ નવી જગ્યાએ નવી પરિસ્થિતિમાં પ્રથમ ત્રણ મહિનાથી છ મહિના ખૂબ જ અગત્યના હોય છે. તમારા જ્ઞાનનો લાભ તમે સંસ્થાને સમય આવે ત્યારે ચોક્કસ આપો. અને તમારી અપેક્ષાઓને પણ સંતોષો. યાદ રાખો, તમે તરત જ ખૂબ અનુકૂળ વાતાવરણ નહિ કેળવ શકો. પણ સમય જતા તમારી આવડતથી અનુકૂલન સાધી શકશો.

તમે કંઇક નાના કે મોટા પરિવર્તન ઇચ્છશો. જયારે તમે તમારી જે તે વિષયની આવડત નો ઉપયોગ નવી જગ્યાએ કરવા જશો ત્યારે તમને તમારી સ્કૂલની કે તાલીમની લાગણી થશે. ગમે તેવી રીતે પણ ઉપરનાં પગલાંઓને અનુસરીને તમે તમારા કાર્યજીવનમાં ખરેખર શું કરવા માંગો છો તે નક્કી કરવામાં સહાય કરશે અને તમારા લક્ષ્ય હાંસલ કરવામાં તમને મદદ કરશે.